ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૪ ટકા

# શહેરના કાપડ બજારમાં હજુ માત્ર ૨૦ થી ૨૫ ટકા જ ઘરાકી

## દુકાનો ખુલી ગઈ છે પરંતુ ગ્રાહકો આવતા નથી : કોરોનાની બીક ઉપરાંત ઓનલાઈન ખરીદી વધતા સ્થાનિક બજારોમાં ઘરાકો આવતા જ નથી

ગાંધીનગર, તા. ૧

કોરોનાની સૌથી વધુ અસર સ્થાનિક બજારો પર થઈ છે. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સિવાયની તમામ ચીજવસ્તુઓના બજારમાં મંદી છે. કાપડ બજાર પણ મંદીમાં ઝઝુમી રહ્યું છે. શહેરના કાપડ બજારમાં હાલમાં માત્ર ૨૦ થી ૨૫ ટકા ઘરાકી જોવા મળી રહી છે. કોરોના બાદ લોકો હજુ ઘરની બહાર નીકળતા ડરે છે. લોકો ખોટા ખર્ચાથી બચી રહ્યા છે. આ ઉપરાંત ઓનલાઈન ખરીદી વધતા કાપડ બજાર પર તેની મોટી અસર થઈ છે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૧ નું માર્કેટ કપડાની ખરીદી માટે સૌથી મોટુ હબ ગણાય છે. કોરોના મહામારી બાદ બજારો ખુલ્યા પણ બજારોમાં કાગડા ઉડી રહ્યા છે. રજાના દિવસોમાં પણ બજારો સુમસામ જોવા મળે છે. સેક્ટર-૨૧ ખાતે બજારમાં માહોલ જોતા મોટી મંદી હોય તેવું જોવા મળી રહ્યું છે. કપડાની દુકાનોમાં એક ઉદાસીનતા જોવા મળી રહી છે. એક બાજુ કોરોના મહામારી અને હવે બીજી બાજુ મોંઘવારીના કારણે ગ્રાહકો નાછૂટકે જ ખરીદી કરી રહ્યા છે. ઉપરાંત ઓનલાઈન ખરીદીની સેવા આંગળીના ટેરવે આવી ગઈ છે. તેથી લોકો મોબાઈલ અને લેપટોપથી ઘરે બેઠા જ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. ઓનલાઈન ખરીદીમાં આકર્ષક સ્કીમો તથા ડિસ્કાઉન્ટની સુવિધા હોવાથી લોકલ માર્કેટ અને મોલમાં ગ્રાહકો દિવસે ને દિવસે ઓછા થતા જાય છે. લોકો ઓનલાઈન ખરીદીને આવકારતા દુકાનો તથા મોલમાં ગ્રાહકો ઘટી રહ્યા છે. ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૧ ખાતે કુલ ૪૦૦ દુકાનો છે જેમાંથી ૧૧૦ જેટલી કપડાની દુકાનો છે. ઉપરાંત ખાણી-પીણીની દુકાનો, ઈલેક્ટ્રોનિક્સ, જ્વેલરી શોપ વગેરે આવેલી છે. કોરોના મહામારી બાદ જ્યારથી માર્કેટ શરૂ થયું ત્યારથી માત્ર ૨૫ થી ૩૦ ટકા જ ધંધો ચાલી રહ્યો છે.

●●●

કોરોના મહામારી પહેલા દરરોજના ૪૦ થી ૫૦ ગ્રાહકો આવતા હતા અને હવે માંડ ૫ થી ૭ ગ્રાહકો આવે છે. ફેરિયા બહુ વધી ગયા છે. ટ્રાફિકની પણ સમસ્યા છે. ગંદકીના કારણે પણ ગ્રાહકો આવતા નથી અને મોલનો ઉપયોગ કરતા લોકલ માર્કેટમાં ગ્રાહકો ઓછા થઈ રહ્યા છે.

- એશ્વર્યા ફેશન,



મનોજભાઈ

●●●

કોરોના પહેલા જેટલી ભીડ રહેતી હતી તેના પ્રમાણમાં એકદમ ઓછી થઈ ગઈ છે. ગ્રાહકો ઓછા આવતા હોવાના કારણે ધંધામાં




ખોટ જઈ રહી છે. દુકાનમાં નિયમિત કામ કરતા લોકોને પગાર આપવો પડે છે અને સામે એટલી આવક થતી નથી. એટલે કામ કરતા લોકોની સંખ્યા ઓછી કરવી પડી છે.



- અરીહંત, દિલીપસિંહ

●●●

હાલની પરિસ્થિતિ પ્રમાણે ૨૦ થી ૨૫ ટકા લોકો જ ખરીદી માટે આવે છે. અમે ગ્રાહકોની રાહ જોઈને બેઠા છે કે ક્યારે ગ્રાહકો ખરીદી કરવા અમારી શોપમાં આવે. રજાના દિવસે થોડા ઘણા લોકો આવે છે. બાકી અન્ય દિવસોમાં ઘરાકી સાવ ઓછી હોય છે.

- ફેશન વર્લ્ડ,
જીજ્ઞેશ મહેશ્વરી



●●●

ડીઝલના ભાવ વધવાના કારણે દરેક ચીજમાં ભાવ વધી રહ્યા છે. અમારે પણ ૫ ટકા ભાવ વધ્યો છે. કોરોના બાદ માત્ર ૨૫ ટકા જ ખરીદી થઈ રહી છે. માર્કેટમાં કોઈ પણ દુકાનમાં હજી સુધી ગ્રાહકોની સંખ્યામાં વધારો થયો નથી. હજી લોકોમાં કોરોનાનો ભય જોવા મળી રહ્યો છે. એટલે લોકો ખરીદી માટે બહાર નીકળતા નથી તેવુ લાગી રહ્યુ છે.

- આસોપાલવ,
ધીરૂભાઈ વીરવાડીયા

# રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

વર્તમાન કોરોના કાળમાં ઓક્સીજનનું મૂલ્ય માનવ સમૂહને ખરા અર્થમાં સમજાયું છે અને ઓક્સીજન માટે ખૂબ જ જરૂરી વૃક્ષોની માનવ જીવનમાં જેની ખૂબ આવશ્યકતા હોવાથી તેની પૂર્તતા માટે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા રોટરી વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રારંભના પ્રથમ દિવસે વૃક્ષારોપણ થકી શુભારંભ કર્યો હતો.

રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા આજરોજ રોજ સરકારી પ્રાથમિક શાળા નં. ૨, સે. ૨૮, ગાંધીનગર ખાતે ૩૫૧ જેટલા આયુર્વેદિક સહિત અન્ય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ દ્વારા આવકાર પ્રવચન થકી સૌને આવકારવામાં આવ્યા હતા જ્યારે આસી. ગર્વનર મધુકર દ્વિવેદી દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આસી.ગર્વનર રોટે. શ્રી મધુકર દ્વિવેદી, પ્રમુખ



અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, પાસ્ટ પ્રેસીડન્ટ ડો. એસ. કે. નંદા, જગતભાઈ કારાણી, અરવિંદભાઈ રાણા, મનોજભાઈ સરૈયા, ઈલાબેન વોરા, યશવંત જોશી, યુવરાજસિંહ વાઘેલા, સહિત રોટરીયન સદસ્યો સર્વે દર્શનાબેન ત્રિવેદી, ઉદયભાઈ વોરા, જયશ્રીબેન ખેતિયા, અશ્વિનભાઈ શર્મા, ગૌરાંગભાઈ રાવલ, વિભાબેન ઠક્કર, લાભુબેન ઓઝા, રાજીવભાઈ ભંડારી, અશ્વિનભાઈ શર્મા તથા ગૌરાંગભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ સર્વે સંજીવભાઈ મહેતા, ઉરેન પટેલ, સોનાલીબેન પટેલ, ભરતભાઈ ગોહિલ, દિપીકાબેન સોલંકી, સવજીભાઈ સોલંકી, અંજનાબેન, વરિષ્ઠ પત્રકાર લક્ષ્મણભાઈ પટેલ, ભાવના ઠક્કર, મિથીલેષ ઠક્કર, મિથુન બોરીજા, અજીત રાણા, વિરાટ બોરીજા સહિત સમર્પણ મૂક-બધિર શીશુ વિદ્યાલયના વૈભવભાઈ જાની અને શાળાના તમામ બાળકો, સે. ૨૮ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક મિત્રો સહિત અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના નવા સદસ્યો સર્વે કિંજલ ત્રિવેદી, ગૌરાંગ પંડ્યા, ઉરેન પટેલને પણ આસી. ગર્વનર મધુકર દ્વિવેદી દ્વારા રોટરી પીન પહેરાવીને આવકારવામાં આવ્યા હતા.

# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની વુમન-સેલ દ્વારા ફિમેલ યોગનો ઓનલાઈન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની વિવિધ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપતી ફિમેલ ફેકલ્ટી અને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે 'યોગની સ્ત્રી ના હોર્મોન્સ અને પોલિસિસ્ટિક ઓવરી સિંડ્રોમ (પીસીઓએસ) પર થતી અસર' વિષય પર યોગનો ઓનલાઈન કાર્યક્રામ યોજાયો હતો.

આ ઓનલાઈન યોગના કાર્યક્રમમાં ડો. કવિતા બાવરી , યોગા એન્ડ ઝુમ્બા ઈન્ટ્રકટર, ગાંધીનગરે હાજર રહી સ્ત્રી સહજ સમસ્યા પોલિસિસ્ટિક ઓવરી સિંડ્રોમ (પીસીઓએસ) અને સ્ત્રીના હોર્મોન્સ પર યોગ નો અભ્યાસ નિયમિત કરવાથી થતા ફાયદા પર અસરકારક મંતોવ્યો આપ્યા હતા. ડો. કવિતાએ ખુબજ સરલ શૈલીમાં સમજાવ્યુ હતુ કે પીસીઓએસ આજકાલની સ્ત્રીનું દુઃસ્વપ્ન છે કારણ કે દર ૧૦ મહિલાઓમાં ૧ સ્ત્રી આ પ્રકારના રોગથી પીડીત છે. પીસીઓએસથી પીડિત મહિલાઓના વજનમાં વધારો, વાળ ખરવા, અનિયમિત માસિક ચક્ર વગેરે સામાન્ય લક્ષણો છે. જો તમે પણ પી.સી.ઓ.એસ.ની સમસ્યાથી પીડાતા હોવ તો હકારાત્મક પરિણામો જોવા માટે દરરોજ ૧૦ યોગ કરો અને આ ૧૦ યોગ ને તમારા રુટીન લાઈફમાં નિયમિત કરો. મેડમે આ ૧૦ યોગને પ્રેકટિકલ કરીને આ કાર્યક્રમમાં ભાગ લીધેલા દરેકને યોગને કાયમી રૂટિન બનાવવા તરફ પ્રેર્યા હતા.

આવા અનોખા કાર્યક્રામ ના સફળ આયોજન અને સફળતા બદલ કેમ્પસ ના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને સમગ્ર કોલેજીસના પ્રિન્સીપાલશ્રીઓ તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ સંસ્થાના વુમન સેલના દરેક કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



હિતેન્દ્ર પટેલ
ભાજપ કિસાન મોરચો



મહેન્દ્રસિંહ શિવસિંહ રાઠોડ
મો. ૯૭૨૩૭ ૮૫૮૯૮



ભાવના પાઠક
લાયોનેસ કલબ, ગાંધીનગર



રિમા મોદી
લાયોનેસ કલબ, ગાંધીનગર



મુકેશભાઈ કાલાવાડિયા
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો. ૯૮૨૪૫ ૦૮૫૯૮



જયંતિભાઈ બી ઘેડિયા
મો. ૯૭૨૩૮ ૪૪૧૦૦

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. પંચાલ લિલાબેન મગનભાઈ, ઉ.વ. ૭૦, પેથાપુર

# ગોપાલક પ્રાયમરી સ્કૂલ ખાતે 'ડૉકટર્સ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા.૧

આજરોજ 'ડોકટર્સ ડે' નિમિત્તે ગોપાલક વિદ્યાસંકુલમાં ઓનલાઈન ડોકટર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આજના આ દિને દેવદૂત સમાન નિઃસ્વાર્થ સેવા બજાવનાર તબીબો કે જેમણે કોરોનાના કપરા સમયે પોતાની જાનની પરવા કર્યા વગર સેવા



આપનારની પ્રશંસા રૂપે અને જે તબીબીઓએ જાન ગુમાવ્યા છે તેમને શાળાના વિદ્યાર્થીઓએ, શિક્ષકોએ, ટ્રસ્ટીઓએ, આચાર્યશ્રીએ શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. જેની ઉજવણી ભાગરૂપે ઓનલાઈન આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી ભાગ લીધો હતો. જેમાં વાલીશ્રીઓ પણ જોડાયા હતા.

# પ્રોજેકટ 'સેવ ગ્રીન ગાંધીનગર'માં ભાગ લેવાની મુદત તા. ૮મી જુલાઈ સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા.૧

એક સમયે સમગ્ર એશિયામાં ગ્રીનેસ્ટ કેપિટલનું બિરુદ જેને પ્રાપ્ત હતું તેવા ગુજરાતના પાટનગર ગાંધીનગરને ફરી હરિયાળું શહેર બનાવવા અને ગ્રીનેસ્ટ કેપિટલનો દરજ્જો ફરી પાછો અપાવવાના પ્રયાસમાં ભાગીદાર થવાના આશયથી શહેરના પર્યાવરણપ્રેમી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થાઓ 'પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ' અને 'હેપ્પી યુથ ક્લબ' ના સંયુક્ત ઉપક્રમે આજથી 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે પ્રોજેકટ 'સેવ ગ્રીન ગાંધીનગર'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેને પ્રોત્સાહક પ્રતિસાદ મળતા લોકલાગણીને માન આપીને પ્રોજેકટમાં ભાગ લેવાની મુદત વધારવામાં આવી છે.

આયોજકો દ્વારા પ્રત્યેક ગાંધીનગરવાસીને 'સેવ ગ્રીન ગાંધીનગર' પ્રોજેકટમાં જોડાઈને વૃક્ષારોપણનો સંકલ્પ લેવા માટે જાહેર આમંત્રણ પાઠવ્યું છે. પ્રોજેકટમાં ભાગ લેનારે સંસ્થાના ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પેજ પર આપેલ લીંક પર ક્લિક કરીને સંકલ્પ ફોર્મ ભરી મોડામાં મોડુ તા.૮મી જુલાઈ સુધીમાં પોતાની પસંદગીની જગ્યાએ વૃક્ષારોપણ કરીને તેની સાથેનો પોતાનો એક સેલ્ફી અથવા ફોટો પ્રોજેકટ કોઓર્ડિનેટરના મોબાઈલ નંબર પર વ્હોટ્સએપથી પોતાના નામ સાથે મોકલી આપવાનો રહેશે. પ્રોજેકટમાં ભાગ લેનાર વૃક્ષારોપણનો સંકલ્પ કરી તેને પાર પાડનાર ગાંધીનગરવાસીને આયોજકો રથયાત્રાના પવિત્ર દિવસે 'ઈ-સર્ટિફિકેટ'થી સન્માનિત કરવામાં આવશે. આ પ્રોજેકટમાં ભાગ લેવા લીંક મેળવવા અથવા વૃક્ષારોપણ માટે વિના મૂલ્યે છોડ મેળવવા માટે પ્રોજેકટ કોઓર્ડિનેટર કલ્પેશ જોશીનો મો.નં. ૯૪૨૭૦૫૧૩૫૨ ઉપર સંપર્ક સાધી શકાશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



કાર્યપાલ ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગમાં અધિક્ષક દશરથભાઈ વી. વ્યાસ ૪૦ વર્ષની સેવા કરી વય નિવૃત્ત થતા સમગ્ર વિભાગના સહકાર્યકરોએ શુભેચ્છા પાઠવી હતી તથા નિવૃત્ત જીવન સુખમય પસાર કરે તેવી લાગણી વ્યકત કરી શુભેચ્છા ભેટ અર્પણ કરી હતી.

# સે-૨૯ અને ૩૦નો પીનકોડ બદલાયો

ગાંધીનગર, તા.૧

ભારતીય ટપાલ વિભાગના ખાતાકીય નિયમો અનુસાર સેકટર-૩૦ અને સેકટર-૨૯ના વિસ્તારના પોસ્ટલ પીનકોડ બદલવામાં આવેલ છે. હવેથી આ વિસ્તારનો પીનકોડ ૩૮૨૦૨૧ રહેશે અને ટપાલ વિતરણ સંબંધિત કાર્યવાહી સેકટર-૨૧ પોસ્ટ ઓફીસ દ્વારા કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

# શહેરના ઘ-૫ વિસ્તારમાંથી ૧૨ વર્ષનો બાળક ગુમ થતા ફરીયાદ

## બાળકની ઓળખ થઈ શકે તે માટે જરુરી આધારકાર્ડ, ફોટા સહિતના કોઈ ચોક્કસ પુરાવા પણ નથી જેથી બાળકને શોધવા માટે પોલીસને પણ વિલંબ થઈ રહ્યો છે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના ઘ-૫ ઓપનએર થિયેટર પાસે કાચા છાપરા વિસ્તારમાં રહેતા કાજલબેન તુફાનભાઈ બાવરીનો ૧૨ વર્ષિય ભાઈ ગત તા.૧૭ જુનના રોજ બપોરના સમયે કુદરતી હાજતે જવાનું કહીને ગયા બાદ ગુમ થઈ ગયો છે. કાજલબેનના પતિ તુફાનભાઈએ છેલ્લા ૧૨ દિવસથી ગાંધીનગરનો શહેરી વિસ્તાર અને આસપાસના અનાથશ્રમ સહિત અમરેલી સુધી શોધખોળ કરી હોવા છતા બાળકનો કોઈ પત્તો લાગ્યો નથી. સેકટર-૨૧ પોલીસ મથકે કાજલબેને ફરીયાદ નોંધાવતા પોલીસે બાળકની શોધખોળ આદરી છે.

મળતી વિગત મુજબ ઘ-૫ ઓપન થિયેટર પાસે કાચા છાપરા ખાતે રહેતા કાજલ બેન અમરેલી ખાતે તેમના માતાને મળવા માટે ગયા હતા.ત્યારે તેમના માતાના કહેવાથી કાજલબેન ભાઈ આઝાદને અભ્યાસઅર્થે અહી લાવ્યા હતા. ગત તા.૧૭ ના રોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં આઝાદ કુદરતી હાજતે જવાનું કહીને ઘ-૫ વિસ્તાર સેક્ટર-૧૭ ઝાડી વિસ્તારમાં ગયો હતો. ત્યારે આઝાદને સમય થયો હોવા છતા પરત ન આવતા પરિવારે શોધખોળ કરી હતી. પરંતુ આઝાદ મળ્યો ન હતો. કાજલબેનના પતિએ અમરેલી સહિત ગાંધીનગરના તમામ સ્થળો પર તપાસ કરી હોવા છતા ૧૨ વર્ષિય બાળક મળી આવ્યો નથી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે કાજલબેને પોતાનો ૧૨ વર્ષિય ભાઈ ગુમ થયાની ફરીયાદ પણ નોંધાવી છે. પરંતુ બાળકની ઓળખ થઈ શકે તે માટે જરુરી આધારકાર્ડ, ફોટા સહિતના કોઈ ચોક્કસ પુરાવા પણ નથી. જેથી બાળકને શોધવા માટે પોલીસને પણ વિલંબ થઈ રહ્યો છે. ત્યારે સીસીટીવી ફુટેજ મેળવી પોલીસે બાળકને શોધવા માટે કામગીરી શરુ કરી છે.




અક્ષય પાત્ર ફાઉન્ડેશન ગુજરાત સરકાર વતી મધ્યાન ભોજન યોજનામાં પ્રાથમિક શાળાના બાળકોને કોરોનામાં જે જમવાની વ્યવસ્થા માટે અક્ષય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા બાળકોના વાલીઓને અનાજની કીટનું નવા કોબા પ્રાથમિક શાળામાં વિતરણ કરવામાં આવ્યું હતું. અક્ષય પાત્ર ફાઉન્ડેશન તથા ગુજરાત સરકારે ખૂબ જ ગરીબ બાળકોને મધ્યાન ભોજન યોજનાના સ્વરૂપે કીટનું વિતરણ કર્યું તે માટે ગ્રામજનો દ્વારા ખૂબ જ શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિ તથા ગામના સરપંચ યોગેશભાઈ, પૂર્વ સરપંચશ્રી તથા ગામના અગ્રણીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

# ગાંધીનગરમાં ૨૬મા ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રિલાયન્સ ક્રોસ રોડ પાસેના પ્રમુખ આર્કેડ-૨ કોમ્પ્લેક્ષમાં ટેરાકોટા રેસ્ટોરન્ટ ખાતે તા. ૫મીથી ૮મી જુલાઈ દરમિયાન મુંબઈની જાણીતી સંસ્તા રૂદ્ર લાઈફ દ્વારા ૨૬મા ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શન કમ સેલમાં સંસ્થા દ્વારા ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિધ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા, જેન્યુન કલેકટર, ૧ થી ૨૧ મુખી બીડસ તથા સ્ફટીક માલાનું અદભૂત કલેકશન પ્રસ્તુત કરવામાં આવશે તેમજ તેની ખરીદી પર ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ



નિમિત્તે આકર્ષક કિંમતો રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રૂદ્રલાઈફ વિશ્વભરમાં ૮૫૦થી પણ વધારે સફળ રૂદ્રાક્ષના પ્રચાર અને પ્રસાર પ્રદર્શન કરવામાં આવેલા છે તેમજ આ ભારતની એક માત્ર આઈએસઓ ૯૦૦૧-૨૦૧૫ લેબ ટેસ્ટેડ સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવતી સંસ્થા હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે. આ મહોત્સવમાં હેલ્થ પર્સનાલીટી તજજ્ઞ તનય સીઠાની ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન અપાશે અને જુના રૂદ્રાક્ષની વિના મૂલ્યે ચકાસણી કરી આપવા સાથે સ્થળ પર જ પૂજા-અભિષેક કરી માળા બનાવી આપવામાં આવશે. મહોત્સવનો સમય સવારે ૧૦ થી રાત્રિના ૮ સુધી રહેશે જેમાં રવિવારે પણ ચાલુ રહેશે.